



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*વચનામૃત ગઢડા અંત્ય – ૩૯ : 'વિશલ્યકરણી ઓષધિનું'નું નિરૂપણ*
*૧૩ એપ્રિલ ૨૦૧૭, સાયં સભા, પારમિતા મંદિર, બ્રહ્મજ્યોતિ, મોગરી*

**સ્વામિનારાયણ** ભગવાને આ વચનામૃતમાં 'માયા'નું રૂપ કહ્યું. ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ 'માયા એટલે શું ?' એનો મહારાજે જવાબ આપ્યો છે કે, 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવામાં જે આડું આવે એ માયા.' એટલે કે, ભગવાનના થઈને જીવન જીવવામાં, સત્પુરુષ અને ભગવાનના ભક્તોમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવામાં, ભગવાનની સેવા-ભક્તિ કરવામાં જે આડું આવે એને 'માયા' કહી. અને અહીંએ જ માયાનું વિશેષ રૂપ કહ્યું. દેહને વિશે અહંબુદ્ધિ કે, આ દેહ તે હું છું અને દેહનાં સંબંધીને વિશે અથવા તો દેહને વળગેલાં બધાં ચીજ-વસ્તુ-પદાર્થોને વિશે મારાપણાની મમત્વબુદ્ધિ એ 'માયા'. કારણ કે, એને લઈને ભગવાનને વિશે, સત્પુરુષને વિશે અને ભક્તોને વિશે ભાવફેર થાય છે એટલે એને 'માયા' કહી. આ દેહ ભગવાને આપેલું શ્રેષ્ઠ ઈન્સ્ટ્રુમૅન્ટ છે – જો એને ભગવાનને રાજી કરવા માટે વાપરીએ તો ! આ દેહ એ ભગવાને આપેલી ભેટ છે, એવું માનીએ તો એના વિશે અહંબુદ્ધિ – મારાપણાનો ભાવ ના રહે.

કોઈ વ્યક્તિએ આપણને એની ગાડી વાપરવા આપી હોય, સ્કૂટર વાપરવા આપ્યું હોય કે મકાન વાપરવા આપ્યું હોય, તો આપણને એમ ના થાય કે, ચાલો આપણે આ મકાનમાં પૈસા ખર્ચીને એનું રિનોવેશન કરાવીએ અને એને સારું બનાવીએ ; કારણ કે, એ મકાન આપણું નથી. બે વરસ પછી એને ખાલી કરવાનું છે. ગાડી પણ આપણી નથી, વરસ પછી એ ભાઈ આવશે એટલે પાછી આપી દેવાની છે. એમ આ દેહ પણ આપણું નથી. પરંતુ, જ્યાં સુધી આપણે મકાન વાપરીએ છીએ ત્યાં સુધી મકાનને સાફસૂથરું રાખવું પડે, મકાનને મૅઈનટેઈન કરવું પડે. કાચની બારી તૂટી ગઈ હોય તો આપણને પવન ને ઠંડી લાગે એટલે કાચની બારી ના તૂટે, કંઈ તોડ-ફોડ ના થાય એનું ધ્યાન રાખવું પડે. કારણ કે, આપણે એ મકાનમાં રહેવાનું છે. કોઈએ આપણને ગાડી વાપરવા આપી હોય, પણ એમાં પાણી, હવા, પેટ્રોલ ચેક કરવાં પડે, ગાડી સાફસૂથરી રાખવી પડે. કારણ કે, ગાડી આપણે ચલાવવાની છે. પણ એ આપણી નથી એવું માનીએ છીએ એટલે એને વિશે મમત્વભાવ-મારાપણાનો ભાવ નથી થતો. એમ સ્વામિનારાયણ ભગવાન કહે, 'આ દેહ ભગવાને આપેલી ભેટ છે.' કોઈ મકાનમાં બે-પાંચ વરસ રહેવાના હોઈએ, કોઈએ કાર એક-બે વરસ માટે વાપરવા આપી હોય, એમ ભગવાને આ દેહ ૭૦-૭૫-૮૦-૯૦ કે ૧૦૦ વર્ષ આપણને વાપરવા આપ્યું છે. આપણે એમાં લાંબા સમય સુધી રહેવાનું છે એટલે તે સાફસૂથરું રહે, સારું રહે એના માટે આપણે જે કંઈ કરીએ એ આપણી ભક્તિ છે. પણ એ દેહની પળોજણને લીધે ભગવાનની ભક્તિ ચુકાય, સત્પુરુષની આજ્ઞા ચુકાય, ભગવાન ને ભગવાનના ભક્તોને વિશે ભાવફેર થાય તો એ અહંબુદ્ધિ થઈ, અહંકાર થયો, મારાપણાનો ભાવ થયો ; અને તે માયા છે.

દેહ માયા નથી. પણ દેહને વિશે ઓતપ્રોત થઈએ એના કારણે કોઈ આ દેહને બે ગાળો ભાંડી જાય, અપમાન કરે, આપણું ના માને, આપણું ના ગણે, આપણને રિસ્પૅક્ટ ના કરે, ઘણી સેવા કરીએ તોય કોઈ આપણને એપ્રિસિએટ ના કરે ત્યારે ભાવફેર થાય એ માયા છે. પણ ભગવાને આપેલું આ દેહ છે તેને ભગવાનની સેવામાં વાપરવું છે, દેહ મારું ક્યાં છે કે હું આટલી બધી અપેક્ષા રાખું છું ? એમ એના વિશે નિર્દોષભાવ રાખવામાં દેહ જો આડું ના આવે તો એ માયા નથી. દેહસંબંધી ચીજ-વસ્તુ-પદાર્થ, દેહે પહેરેલાં કપડાં, દેહ વાપરે છે એ રૂમ, દેહ વાપરે છે એ ગાડી-સ્કૂટર ; એને તમે સાચવ્યાં કરો અને ભગવાનના ભક્તોની સેવામાં ના વાપરો, માલિક થઈ જાવ, રૂમના માલિક થઈ જાવ, ચીજ-વસ્તુ-પદાર્થના માલિક થઈ જાવ તો એ માયા છે. એમ, દેહનાં સંબંધવાળાં સગાં-સ્નેહીજનોમાં મમત્વબુદ્ધિ છે તે માયા છે. એટલે કે, તેઓને સારું લાગે-ખોટું લાગે તે કારણે ભક્તિ કરવામાં કે સત્પુરુષની આજ્ઞા



**ભગવાને આપેલું આ દેહ ભગવાનની સેવામાં, ભક્તોની સેવામાં, ભગવાનના કાર્યમાં જેટલું વાપરશો એટલું એ ઊજળું થશે, ચકચકિત થશે, દેહનો ભાવ ઓગળી જશે.**

પાળવામાં, સત્સંગ કરવામાં મોળાશ આવે તે માયા છે. સગાં-સ્નેહીને લઈને સત્સંગનો-ભક્તોનો-સંતોનો અભાવ આવી જાય છે તે માયા છે.

ભગવાને આપેલું છે, એ ભગવાનના ભક્તો માટે વાપરો તો બગડવાનું કશું નથી, પણ આપણી એના વિશે જે મમત્વબુદ્ધિ છે એ છૂટી જશે અને તો આપણને એ માયારૂપ નહીં લાગે. એટલે સ્વામિનારાયણ ભગવાને સાધુઓ માટે ફોકસ કર્યું કે, 'હે સંતો ! તમે જમીન-જાયદાદ, સારાં ઘરો, માતા-પિતા, સગાં-સ્નેહીજનો, માલ-મિલકત, ચીજ-વસ્તુ-પદાર્થ; એ બધું ત્યાગીને મંદિરમાં આવ્યા છો. તો પછી નાની અમથી ઓરડી માટે-રૂમ માટે, નાના અમથા સ્કૂટર માટે, નાની અમથી ગાડી માટે કે તમારાં કપડાંલત્તાં માટે તમે કેમના બંધાઈ ગયા ?

ગુણાતીતાનંદ સ્વામી એક જગ્યાએ 'વાત'માં લખે છે કે, બે રાજાઓએ રાજપાટ છોડ્યાં. ભર્તૃહરિ રાજા અને બીજા ગોપીચંદ રાજા સંસાર છોડી ત્યાગી થઈ ગયા. ફકીર વેશે તેઓ ફરતા હતા. એક દિવસ એક ધર્મશાળાના દરવાજામાં અનાયાસે બેઉ એક સાથે દાખલ થયા. ત્યાં ખીલી એક હતી. એક ફકીર પહોંચ્યો, તેણે ખીલીએ ઝોળી ભરાવી એટલે પેલો પાછળ ઊભેલો ફકીર કહે, 'એય મિસ્ટર, એ ખીલી ઉપર પહેલી નજર મારી પડી છે એટલે એના ઉપર ઝોળી ભરાવવાનો પહેલો હક્ક મારો છે.' પેલો કહે, 'પણ પહેલો હું પહોંચ્યો છું એટલે આની ઉપર ઝોળી ભરાવવાનો મારો હક્ક છે.' પહેલો કહે, મારો હક્ક અને બીજો કહે, મારો હક્ક. એમ કરતાં બેઉ બથ્થંબથ્થા પર આવી ગયા. ત્યાં એક ડોશીમા બેઠાં બેઠાં ભજન કરતાં હતાં. તેઓએ કહ્યું, 'તમે બેઉ મૂર્ખાઓ છો. તમે જુઓ, પેલા ભર્તૃહરિ રાજા અને ગોપીચંદ રાજાએ રાજપાટ છોડી, બધું મૂકીને જંગલમાં ગયા અને તમે એક ખીલા માટે લડો છો?' હવે એ બેઉ એ જ રાજાઓ હતા. આખું રાજપાટ છોડ્યું, બંગલાઓ છોડ્યા, બધું છોડ્યું અને એક ખીલી માટે વઢ્યા. એમ આપણે ત્યાગીઓએ સારાંસારાં ઘર છોડ્યાં, સારાં વસ્ત્રો છોડ્યાં ને આપણે એક રૂમ માટે, એક ગાડી માટે, એક સ્કૂટર માટે, એક સાઈકલ માટે, મંદિર માટે, ભક્ત માટે બંધાઈ જઈએ છીએ. ત્યારે આપણને આપણી જાત ઉપર હસવું આવે કે, આટલું બધું છોડીને તો આપણે આવ્યા છીએ, અને હવે એને લીધે આપણે કકળાટ-કંકાસ, ભાવફેર, કે રિસામણાં-મનામણાં થાય એ કેટલું અજ્ઞાન છે ! મોહ છે ! એ મોહ એ માયા.

સ્વામિનારાયણ ભગવાન કહે, 'એવો મોહ એ માયા છે.' આ દેહ મારું છે અને પરમૅનન્ટ એમાં રહેવાનું હોય એવા ભાવથી આપણે એની પળોજણ કરીએ, પપલાવીએ, સેવા ના કરીએ, ભગવાનના કાર્યમાં જઈએ નહીં, આળસ-પ્રમાદ કરીએ એ માયા જ છે. જેમ સ્ટીલનું વાસણ જેટલું વપરાય એટલું ચકચકિત થાય, ઊજળું થાય; એમ ભગવાને આપેલું આ દેહ ભગવાનની સેવામાં, ભક્તોની સેવામાં, ભગવાનના કાર્યમાં જેટલું વાપરશો એટલું એ ઊજળું થશે, ચકચકિત થશે, દેહનો ભાવ ઓગળી જશે. માયા ઓગાળવાનો મહારાજે ઉપાય બતાવ્યો કે, 'આ દેહને ભગવાનની સેવામાં વાપરવો.'

ભગવાનને અર્થે આ દેહ કુરબાન છે. કહે કે, 'જાવ ભાઈ', તો જવા માટે ઊભા થઈને ચાલવા માંડવાનું. આપણે રૂમ સાથે, કોઈ વસ્તુ સાથે થોડા જ બંધાયા છીએ ? આપણે ભગવાનની સાથે બંધાયા છીએ, યાદ રાખો ! ભગવાન સાથે બંધાયા એટલે ભગવાનના કામ માટે જવા માટે હંમેશાં તત્પર હોઈએ. એમાં ગરમી છે, ઠંડી છે એવું વિચારવાને બદલે ચાલવા માંડોને ! ગરમી આપણને શું ભગાડે, ગરમી ના ભાગે આપણાથી ? ભગવાનનાં કામ કરવામાં એવી ખુમારી હોવી જોઈએ. ભગવાનના કામમાં દેહને કોઈ પણ પ્રકારનું રિઝર્વેશન રાખ્યા વગર વાપરે તો અહંભાવ, મારાપણાનો ભાવ છૂટે. મારાપણાનો ભાવ છૂટે એટલે એને લીધે ભાવફેર ના થાય. અને આપણી પાસે દેહસંબંધી જે વસ્તુઓ છે એ બધી ભગવાનના કાર્યમાં વાપરીએ તો એના માટેની જે મમત્વબુદ્ધિ છે, મારાપણાનો ભાવ છે તે છૂટતો જાય.

આપણે ભગવાનના થઈને જીવવા માટે જન્મ્યા છીએ. આપણે ભગવાનના અર્થે જીવન જીવવા માટે નીકળ્યા છીએ તો ભગવાન રાજી થાય એ માટે આ દેહ અને દેહસંબંધી જે વસ્તુઓ આપણી પાસે છે એ બધી ભગવાન અને ભગવાનના ભક્તોની સેવામાં વાપરવામાં આનંદ આવે તો માનજો કે, એના વિશેનો જે મમત્વભાવ-અહંભાવ; એ છૂટી ગયો છે. એને લઈને ભાવફેરમાં નહીં પડવાનું.

માયા તરવાનો, માયા પાર કરવાનો આ ઉપાય મહારાજે આપ્યો છે. સ્વામિનારાયણ ભગવાને ભક્તિમાર્ગનું પ્રવર્તન કર્યું : 'હે પરમહંસો ! હે સંતો ! હે ભક્તો ! તમારું દેહ ને દેહથી તમને મળેલી જે બધી વસ્તુઓ છે એ ભગવાનને અર્થે વાપરવામાં પાછી પાની નહીં કરશો તો આ બધી અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ રૂપી માયાને તરી જશો.' નહીં તો એમ કહેવાય કે, આખો દરિયો તર્યા પછી કિનારે ડૂબી ગયા. આપણે એવું ના થાય તેની જાગ્રતતા રાખવાની.

ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા અને ભગવાનના માહાત્મ્યનું બળ જોઈએ. આત્મનિષ્ઠાનું બળ એટલે સત્પુરુષ મારો આત્મા છે, મારા વિશે પરમાત્મા પરબ્રહ્મ સદાય બિરાજમાન છે. અને એમના તરફનો મારો દાસત્વભાવ ! મારે એમને રાજી કરવા છે, આ દેહ મારું નથી. ગુણાતીતાનંદ સ્વામીએ પહેલા પ્રકરણની છેલ્લી વાતમાં કહ્યું કે, 'આ દેહ નાશવંત છે.' ભલે રૂડો રૂપાળો યુવાન હોય, બાળક હોય કે ૭૦-૮૦ વર્ષનો ડોસો હોય, પણ આ દેહ નાશવંત છે, તુચ્છ છે. દેહને વિશે રહ્યો જે આત્મા એ દેહથી નોખો છે. તે કેવો છે ? બ્રહ્મ છે, અક્ષર છે. અને એને વિશે પરમાત્મા પરબ્રહ્મ રહ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં આપણને અનુસંધાન આપ્યું કે, આ દેહ નાશવંત છે, તુચ્છ છે, દેહમાં રહ્યો જે આત્મા એ મારા સત્પુરુષ છે. બ્રહ્મ છે એટલે સત્પુરુષ એ મારો આત્મા છે અને સત્પુરુષમાં પરબ્રહ્મ પરમાત્મા રહ્યા છે એ ભાવથી એમના વિશે ભક્તિ કરે, એમની આજ્ઞામાં રહે તો દેહભાવ છૂટી જાય. એટલે આત્માનું બળ એ આત્મનિષ્ઠાનું બળ. અને બીજું, આવા મોટા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પ્રભુ મને મળ્યા ! અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ એ મારા ઈષ્ટદેવ છે. અને એમને ધારણ કરનારા આ સંતો, એમના વિશે મને આત્મબુદ્ધિ ને પ્રીતિ છે; તો હું ધન્ય થઈ ગયો ! એવું માહાત્મ્ય ! આત્મનિષ્ઠા અને માહાત્મ્યનું બળ ભક્તોએ-સંતોએ રાખવું.

આપણે ઉપર પેલા બે ફકીરોનું દૃષ્ટાંત જોયું કે, રાજપાટ ને બધું છોડીને આવેલા પણ એક ખીલા માટે તેઓ લડ્યા. એમ, કોઈ ચીજ-વસ્તુ-પદાર્થ માટે પણ બોલાચાલી થાય. અત્યારે તો આપણે બધા વર્ષોથી એક જ જગ્યાએ રહીએ છીએ. પરંતુ, મહારાજ બધાને ફેરવતા. કોઠારીઓને ફેરવતા, ભંડારીઓને ફેરવતા, સંતોની બદલી કરતા. કારણ કે, આપણું મન કેવું છે ? તો જે રૂમમાં આપણે રહ્યા, એ રૂમ બદલવાનો થાય તો આપણને મરચાં લાગી જાય. જે વસ્તુ આપણે વાપરતા હોઈએ અને એ વસ્તુ છોડવાની કહે તો મરચાં લાગી જાય. કારણ કે, એના વિશે આપણને આપોઆપ મમત્વબુદ્ધિ-મારાપણાનો ભાવ થઈ જાય. એમ આ દેહને વિશે પણ મારાપણાનો ભાવ થઈ જાય.

સત્સંગમાં આપણે ફરતા હોઈએ ત્યારે ઘણાં દાદા-દાદી એવાં હોય કે તેઓ બિચારાં તકલીફમાં હોય. ના સંભળાતું હોય, ના દેખાતું હોય, ના ખવાતું હોય, સૂઈ રહેતાં હોય. ત્યારે આપણે પૂછીએ કે, 'મહારાજ લઈ જાય?' ત્યારે એ કહે, 'ના હોં, મારે મારા દીકરાના દીકરાના દીકરાનું મોઢું જોવું છે.' લો ! આવું પકડી રાખીને જ બેઠાં હોય. આ દેહ ખાલી કરવાની કોઈને ઈચ્છા ના થાય એટલો બધો અહંબુદ્ધિ-મારાપણાનો ભાવ હોય છે. પણ જો નાશવંતપણાનો ભાવ હોય કે, કાલે લઈ જતા હોય તો છોને આજે લઈ જાય મહારાજ ! આપણે ત્યાગીઓને પણ એવું જ છે કે, 'કાલે લઈ જતા હોય તો આજે લઈ જાય.' કારણ કે, મહારાજ આપણને એમની પાસે લઈ જવાના છે અને પાછા એમની સેવામાં જ રાખવાના છે. આપણને બીજે ક્યાં રાખે ? અત્યારે છે એના કરતાં સારો દેહ આપશે એવી નિશ્ચિંતતા છે.

પહેલાંના વખતમાં બધાને મહારાજ ફેરવતા. રૂમમાં ફેરવે, જગ્યાઓ ફેરવે, મંદિરમાં ફેરવે, અહીંથી ત્યાં લઈ જાય ને ત્યાંથી અહીં લઈ જાય. ઘણાને આકરું લાગતું, પણ એને લીધે ફાયદો થતો કે, એક જગ્યાએ ચોંટી ના રહે. ઘણા માણસો જે જગ્યાએ બેસતા હોય એ જગ્યા સાથે ચોંટી ગયા હોય કે, આ જગ્યાએ હું ૧૦ વર્ષથી બેસું છું, ખબરદાર જો મારી જગ્યા બદલી છે તો ! આ રૂમમાં હું રહું છું, તે હું નહીં બદલું. આ વસ્તુ હું વાપરું છું તે હું નહીં છોડું. સ્વામિનારાયણ ભગવાન કહે, 'આ બધું જે થાય એ મમત્વભાવ છે, એ મોહ છે, એ માયા છે.' એ છોડાવવા માટે ભક્તિ કરાવે, ફેરવે. સત્સંગમાં ફેરવે, સભા કરવા મોકલે એટલે આપણને પ્રભુનું-સંતોનું-ભક્તોનું માહાત્મ્ય વધતું જ જાય, તો બધું છૂટતું જાય.

ભગવાન ને ભગવાનના ભક્તો મારા મનાઈ જાય. ભગવાનનું કાર્ય એને વિશે આપણને અહંભાવ થઈ જાય કે, પ્રભુનું કાર્ય એ મારું કાર્ય છે. એને મારે

**જે ચીજ-વસ્તુ-પદાર્થ આપણી પાસે છે એ ભગવાનના ભક્તો માટે હોંશેહોંશે પ્રેમથી વાપરીએ તો એના વિશેનો આપણો મમત્વભાવ છૂટી જાય.**



સરસ રીતે મારી સમગ્ર શક્તિ વાપરીને સારામાં સારું કરવું છે. એ અહંભાવ ભગવાનને રાજી કરવા માટે જો વાપરીએ તો પછી દેહનો અહંકાર છૂટી જાય, અહંભાવ છૂટી જાય. અને જે ચીજ-વસ્તુ-પદાર્થ આપણી પાસે છે એ ભગવાનના ભક્તો માટે હોંશેહોંશે પ્રેમથી વાપરીએ તો એના વિશેનો આપણો મમત્વભાવ છૂટી જાય. આત્મભાવ એટલે સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ, અને એનો મહિમા એ બે વસ્તુ જોઈએ.

પોતાના દોષ - માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા; એને લીધે જો સત્પુરુષને વિશે ભાવફેર થાય તો બહુ ખરાબ થાય. એક તો પોતાના દોષ ટળતા નથી અને એ દોષને લીધે બધાનો અભાવ લઈએ છીએ એટલે ડબલ દોષી ઠર્યા. પણ, મને સત્પુરુષને વિશે ને ભક્તોને વિશે જે ભાવફેર થાય છે, એ મારા દોષનું રિફ્લેક્શન છે; પ્રભુ એ ટાળી દો ! એવી સવળી પ્રાર્થના કરે તો દોષ ટળી જાય.

દેહથી પોતાના આત્માને જુદો માનવો. અને આત્માને કોઈ નાત-જાત હોતી નથી. ઘણા આત્માને સૂર્ય જેવો કહે છે, પણ એ સૂર્ય નથી. કારણ કે, સૂર્ય છે, અગ્નિ છે, એ બધા જડ છે. એને તમે અડો તો કશું થાય નહીં. પણ આત્મા ચેતન છે. એમાં પરમાત્મા રહ્યા છે એટલે આત્મા ચેતન છે. આપણે કેટલા બધા જનમ લીધા છે ? આખા સમુદ્રમાં જેટલું પાણી છે એટલું માતાનું દૂધ ધાવ્યા છીએ. દેહ ઘરડો થાય છે, પણ આત્મા સદાય યુવાન છે. ગુણાતીતાનંદ સ્વામીએ એક જગ્યાએ કહ્યું કે, 'ટટ્ટૂ દૂબળા હુઆ હૈ, લેકિન અસવાર તેજ હૈ.' આત્મા મહિમાવંતો હોય, ભગવાનને રાજી કરવા માટે એના હૈયામાં થનગનાટ હોય તો કદી ઘડપણ આવતું નથી, યાદ રાખો ! દેહ ઘરડું થાય છે પણ દેહમાં રહેલો જે આત્મા, એ તો સદાબહાર છે. એને સદાબહાર રહેવું હોય તો ભગવાનને રાજી કરવાનો આલોચ સતત હોવો જોઈએ.

અત્યારે અશ્વિનભાઈ, શાંતિભાઈ ને મોટેરા સંત ભાઈઓ ૭૫-૭૮ વર્ષે પણ સવારથી સાંજ સુધી કેટલી બધી સેવા-ભક્તિ કરે છે ! કેટલી બધી દોડાદોડી કરે છે ! એમને થાક નહીં લાગતો હોય ? ના. ભગવાનને રાજી કરવા, સદાબહાર જે આત્મા છે એ આ દેહને અવગણીને ભક્તિ જ કરે છે. તો એમનું દેહ પણ ભગવાન સારું રાખે છે. અને ઘણાને નાનપણમાં ઘડપણ આવી જાય છે. કશું કરવાની ઈચ્છા ના થાય, કશે જવાની ઈચ્છા ના થાય. પણ ભગવાનને રાજી કરવા માટે હૈયામાં મહિમા જો હોય તો શું ના થાય ? ભગવાનને અર્થે તો આ દેહ કુરબાન છે. જ્યાં જવાનું હોય, જે કરવાનું હોય તેમાં ઉત્સાહ ને ઉમંગથી તૈયાર હોય. એ સદા આત્માની યુવાનીનાં દર્શન છે.

જેમ વિશલ્યકરણી ઔષધિ છે એમ આ વાતો છે. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, ભગવાન ને ભગવાનના સાધુનું માહાત્મ્ય હોય, એમને રાજી કરવાનો હૈયામાં ઉમંગ અને ભાવ હોય. આ દેહ ભગવાને આપેલું છે, જે નાશવંત છે ને તુચ્છ છે. કેટલા બધા જન્મ લીધા પછી માનવ દેહ મળે છે. કેટલો મોંઘામાં મોંઘો માનવદેહ છે ! એને ખોટી રીતે વેડફી ના નાખવો. એમાં રહીને અનંત જિંદગીઓમાં પોતાનું ધાર્યું કર્યું છે, અનંત જિંદગીઓમાં ભોગ ભોગવ્યા છે, અનંત ભેગા ખાધું-પીધું છે. તો હવે આવા ભગવાન મળ્યા, આવા સાધુ મળ્યા, આવો સત્સંગ મળ્યો તો આ દેહને ૧૦૦ % ભગવાનની સેવામાં વાપરવું છે; એવા ભાવથી મહિમા સમજીને જો ભક્તિ કરીએ તો જેમ હનુમાનજી આખો સંજીવની પર્વત લઈને આવ્યા ને તેમાંથી વિશલ્યકરણી ઓસડ શ્રી લક્ષ્મણજીને પીવડાવ્યું, જેનાથી દેહમાં લાગેલાં ઝેર પાયેલાં બાણ નીકળી ગયાં. ઝેરની અસર નાબૂદ થતાં શ્રી લક્ષ્મણજી મૂર્છામાંથી જાગ્રત થયા. તેમ, આત્મનિષ્ઠા અને મહિમાના બળથી વિષયભોગની ઈચ્છાઓ નીકળી જાય છે.

શલ્ય એટલે બાણ, લક્ષ્મણજીને જે બાણ વાગ્યાં હતાં એ વિશલ્યકરણી ઔષધિથી નીકળી ગયાં. એમ દેહભાવ એટલે દેહમાં રહેલા ભગવાનને રાજી કરવા સિવાયના બીજા બધા જે ભાવો, દેહની ભૂખો - ખાવું-પીવું, હરવું-ફરવું એ બધી જે ભૂખો, ભગવાન રાજી ના થાય એવી બધી વૃત્તિઓ-પ્રવૃત્તિઓ, એમાં રહેલા જે ભાવો; એ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં છૂટી જશે; મહારાજે એ કહ્યું.

વિશલ્યકરણી ઔષધ પીધું એની સાથે બધાં બાણ નીકળી ગયાં, કાઢવાં ના પડ્યાં. બાણ કાઢવા જાય તો વધારે દુઃખ થાય, અરેરાટી થાય, પણ બધાં બાણ નીકળી ગયાં. એમ આપણને દેહભાવ છોડાવે તો આત્માને બહુ દુઃખ થાય. પણ ભગવાન કહે, તમે આ રીતે ભક્તિ કરશો તો બધા ભાવો છૂટી જશે, છોડવા નહીં પડે; અને એ જ સાચી સાધના છે ! સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું એ કે, આવા સાધુ દ્વારા પ્રગટ રહીને આપણી આ સાધના આનંદદાયક, સુખદાયક બનાવી. અને ખરેખર તો આપણે સાધના કરીએ છીએ એ જ ખબર નથી પડતી અને છતાં સંસારના ભાવો, દેહના ભાવો, બધા રાગો આપોઆપ છૂટતા જાય છે.

સત્ એવા પરમાત્માનો જેને આવી રીતે સંગ થાય એ જ સત્સંગી કહેવાય. જે આસુરી જીવ હોય તે કથા-વાર્તામાં આવી વાત સાંભળે તો પણ તેના હૃદયમાં તે વાત ઊતરે નહિ. આસુરી જીવ હોય એને બધું ઊંધું પડે. કથામાં જો એ પૉઝિટિવ લે તો રૂપાંતર થાય, પણ આસુરી વૃત્તિ હોય, નકારાત્મક બુદ્ધિ હોય એટલે કથાવાર્તા પણ ઊંધી પડે. કથાવાર્તા તો આત્માને બળ પમાડવા માટે હોય, પણ બળના બદલે ઊંધું પડે એ આસુરી ભાવ છે. એવા જીવને સારી ને સાચી વાત પણ સમજાતી નથી, પચતી નથી. જ્યારે સારો માણસ હોય એના હૃદયમાં તે વાત ઊતરે અને તેનો અમલ કરે એટલે તે સુખિયો થાય. માટે આપણે સંગ પણ સારાનો જ રાખવાનો. ઘણા ડંબેલ્સ જેવાનો સંગ રાખે ને પછી દુઃખી થતા હોય. પણ જેનો હકારાત્મક ઍટિટ્યૂડ હોય, ભગવાનને રાજી કરવાનો ભાવ હોય, નિર્દોષભાવ-દિવ્યભાવભરી ભક્તિ કરવાનો જેને આલોચ હોય એવાનો સંગ રાખવો.

જય શ્રી સ્વામિનારાયણ ! ◆